ગાંધીનગર સમાચાર
તા. ૨૪-૧૨-૨૦૧૩, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

### મોદી દેશ માટે વોટ માગે છે

ગુજરાતના મુખ્યમંત્રીએ દઈનો ઘોડો છુટ્ટો મૂકી દીધો છે. એમણે ૨૦૧૪ના પૂર્વાર્ધમાં જ રચાનારી નવી લોકસભાનું નેતૃત્વ કરવા માટે કમર કસી દીધી છે. નરેન્દ્ર મોદીને મન દુનિયામાં કશું જ અશક્ય નથી. તેઓએ નેપોલિયન બોનાપાર્ટની જેમ એમના શબ્દકોશમાંથી 'અશક્ય'- ઈમ્પોસિબલ શબ્દને જ ભૂંસી નાખ્યો છે. ગુજરાતના મુખ્યમંત્રી બન્યા તે અગાઉ એમને ગ્રામપંચાયતના સરપંચ જેટલો પણ અનુભવ નહોતો. એ ફક્ત સંગઠન ક્ષેત્રે જ સક્રિય હતા. કાર્યકરો સાથે જબરો નાતો કેળવ્યો હતો પરંતુ પોતે કયારેય ચૂંટણી લડ્યા ન હતા. સીધેસીધો એક માણસ સંગઠનમાંથી બારોબાર મુખ્યમંત્રી જેવી જવાબદારીવાળી ખુરશીમાં ગોઠવાઈ જાય એ દેશ આખા માટે વિસ્મયકારક ઘટના હતી. કેશુભાઈ, કાશીરામ રાણા, એ.કે. પટેલ અને સુરેશ મહેતા જેવા પાર્ટીના વરિષ્ઠ અગ્રણીઓ એમ માનવા લાગેલા કે એમની ઝઘડાળુ પ્રકૃતિ અને તુમાખીને કારણે છ મહિના પણ ટકે તો ટકે! એને ઠેકાણે મોદી ગુજરાતના મુખ્યમંત્રીપદ પર પૂરાં સત્તર વર્ષની સનદ લઈને આવ્યા હોય એવી સ્થિતિ સરજાઈ છે. એ પૈકી બાર વરસ તો પૂરાં પણ થઈ ગયાં છે, બાકીનાં સિલકમાં છે. પરંતુ મોદી જાણે છે કે બાર વરસનું આપણાં શાસ્ત્રોમાં એક 'તપ' ગણાય છે. એક તપ પૂરું કર્યા પછી એમને હવે ગુજરાત જેવડા નાના રાજયની સરહદમાં ભરાઈ રહેતાં ગૂગળામણ થતી હશે. એમણે પોતાની શરતે અને જોખમે પાર્ટીના ૨૦૧૪ની ચૂંટણી માટેના વડાપ્રધાનપદના દાવેદાર તરીકેની જાહેરાત કરાવી ત્યારથી એ પગ વાળીને બેઠા નથી. દેશભરમાં ફરી વળીને એ ભાજપ માટેનું વાતાવરણ તૈયાર કરી રહ્યા છે. વિધાનસભાની ચૂંટણીઓમાં ભાજપનો દેખાવ ઘણો પ્રોત્સાહક રહ્યો છે. મિઝોરમમાં ભાજપને પ્રવેશ ભલે ન મળ્યો હોય અને દિલ્હીમાં એ સરકાર રચવા માટે જરૂરી છત્રીસના આંકડે ન પહોંચી શકયો તો પણ કોંગ્રેસનો સફાયો કરવામાં એને જરૂર સફળતા સાંપડી છે. આ સફળતામાં મોદીના નામનો પણ પ્રભાવ કામ કરી ગયો છે અને એમની જાહેરસભાઓ પણ પાર્ટીના લાભમાં ગઈ છે. જેવું આ સત્તાની સેમીફાઈનલનું પરિણામ આવ્યું કે તરત મોદીએ હવે પછીની મોટી લડાઈ માટે કમર કસી લીધી છે. એમની અદ્ભુત આયોજનકળાને તો દાદ જ આપવી રહી. મુંબઈની રેલીમાં ચાની કીટલીવાળાઓને પણ વીઆઈપી પાસ અપાયા હતા. આ મહાગર્જના રેલી દ્વારા મોદીએ એક સાથે અનેક લક્ષ્યાંકો સિદ્ધ કરવા કોશિશ કરી છે. એમણે ગરીબોના મસીહા બની જઈ દેશના એકેએક ગરીબને વીઆઈપી બનાવવાની વાત કરી તો વળી મહારાષ્ટ્રના લાડકા નેતા લોકમાન્ય ટિળકની હાકલને થોડીક ફેરવીને પોતાની હાકલ બનાવી દીધી. લોકમાન્ય ટિળક કહેતા કે સ્વરાજ મારો જન્મસિદ્ધ હક છે. મોદીએ 'સ્વરાજ'નું 'સુરાજય' કરી દીધું. એમના શાસન વિશે ગુજરાત બહારના મતદારોમાં ઊંચો અભિપ્રાય પ્રવર્તે છે, ગુજરાતને દૂરવર્તી પછાત પ્રદેશોના લોકો તો બીજું જાપાન કે અમેરિકા જ સમજે છે. દેશ આખાને ગુજરાત બનાવી દેવાનું મીઠું મધ વચન આપી નરેન્દ્ર મોદી હવે પોતાના માટે નહીં પણ દેશ માટે વોટ માગી રહ્યા છે. અર્થાત્ તમારા તમામ- અથ થી ઈતિના પ્રશ્નોનો એક માત્ર ઉકેલ છે 'વોટ ફૉર ઈન્ડિયા'. હવે આ દેશનું ધાવણું બાળક પણ સમજે છે કે જે ઈવીએમ મશીન આવે છે એમાં કયાંય 'ઈન્ડિયા' નામનું બટન તો હોતું નથી. એટલે ઈન્ડિયા અર્થાત્ મોદીને મત આપવાના છે. મોદી હવે ઈન્ડિયા બની ગયા છે. અગાઉ એકવાર 'ઈન્દિરા ઈઝ ઈન્ડિયા' કહી કોંગ્રેસના ચાપલૂસ પ્રમુખ દેવકાંત બરૂઆએ જબરો પ્રાસ મેળવેલો. આવી સરખામણી અને પ્રાસાનુપ્રાસ કયારેક ભારે પણ પડી જઈ શકે. પરંતુ મોદીએ વળી એવું ક્યાં કહ્યું છે કે મને મત આપજો? એમણે તો ભાજપને મત આપવાની ભલામણ પણ નથી કરી. એમણે બહુ દર્દનાક સૂરમાં કહ્યું છે કે પાર્ટી કરતાં દેશ મહાન છે, એટલે દેશને જ વોટ આપજો. પરંતુ દેશમાં તો રાહુલ ગાંધી પણ રહે છે- એ તો એમ જ કહેશે કે દેશ માટે બલિદાન તો મારા પરિવારે આપેલ છે. હવે પ્રજાને જે સમજવું હોય તે સમજે. રાહુલ તો કોંગ્રેસ માટે જ વોટ માગશે. મોદી દેશનું નામ આપી કૌંસમાં પોતાના માટે વોટ માગશે. હજી પ્રાદેશિક ધુરંધરો તો મેદાનમાં આવે ત્યારે વાત. એ કદાચ ત્રીજા મોરચા માટે મત માગશે.

## દહેગામ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ હૉલ ખાતે નાતાલ પર્વની પવિત્ર સાંજે 'સ્વામી વિવેકાનંદ' નાટ્યપ્રયોગ

### દહેગામમાં એક નવી યુવા સંસ્થાનો આરંભ : લોકોને વ્યસનમુક્તિ માટે શપથ લેવડાવવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૩

નાતાલનું પવિત્ર પર્વ દહેગામ નગર માટે બેવડી ખુશીઓ લઈને આવી રહ્યું છે. દહેગામમાં એક નવી યુવા સંસ્થાનો આરંભ થઈ રહ્યો છે અને એક જાજરમાન નાટકનો જાહેર પ્રયોગ પણ થઈ રહ્યો છે.

દહેગામ નગરના કર્મઠ યુવકો વિવેકાનંદ યુથ કલબ નામે એક યુવા સંસ્થાનો આરંભ નાતાલ પર્વથી કરી રહ્યા છે. સામાજિક સેવા અને સર્જનાત્મક કાર્યક્રમો માટે આ સંસ્થાનો આરંભ થઈ રહ્યો છે. સંસ્થા પોતાના પહેલા જ સર્જનાત્મક કાર્યક્રમ રૂપે દહેગામમાં 'સ્વામી વિવેકાનંદ' નામક નાટકનો જાહેર પ્રયોગ આયોજિત કરી રહી છે.

ગાંધીનગર શહેરના જાણીતા નાટ્યકાર કુંતલ નિમાવત દ્વારા નિર્મિત-લિખિત-દિગ્દર્શિત સ્વામી વિવેકાનંદ નામક દ્વિઅંકી નાટક રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તથા ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની આર્થિક સહાયથી પ્રસ્તુત કરવામાં આવી રહ્યું છે અને દહેગામની જનતા માટે તેનો શો નિઃશુલ્કપણે યોજાઈ રહ્યો છે. ગાંધીનગર તથા અમદાવાદના પંદર જેટલા કલાકારો આ નાટકમાં પોતાનો અભિનય આપી રહ્યા છે.

એવન ગૃપ - ડ્રીમ કન્સલ્ટન્સીના સૌજન્યથી દહેગામ તાલુકા ઍજ્યુકેશન સોસાયટી સંચાલિત ગીતાબેન પટેલ સેન્ટર ફોર ઈન્ટરેક્ટીવ લર્નીંગ, એમ બી કૉલેજ ઑફ કોમર્સ એન્ડ આર્ટ્સ, દહેગામ ખાતે બુધવારે રાત્રે ૯.૦૦ કલાકે આ નાટકનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ઉપસ્થિત સૌ પ્રેક્ષકોને વ્યસનમુક્તિ માટેના શપથ લેવડાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

વિવેકાનંદ યુથ કલબ અને એવન ગૃપ તરફથી જાહેર જનતાને આ નાટ્યપ્રયોગ નિહાળવા માટે નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## ગાંધીનગરના વિદ્યાર્થીએ માત્ર ૮ મિનિટમાં ૧૩૦ દાખલા ગણી ગણિત સ્પર્ધા જીતી લીધી

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરના સેકટર-૨૩ ખાતે આવેલી શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ વિદ્યાલયના ધોરણ-૮માં ભણતા પ્રિતેષ ચાંદેકરે યુસીમાસ ગ્લોબલ એજયુકેશન દ્વારા આયોજિત ૯મી ઑલ ગુજરાત યુસીમાસ અબાકસ એન્ડ મેન્ટલ એરિથમેટિક કોમ્પ્ટીશન ૨૦૧૩માં ઉત્કૃષ્ઠ દેખાવ કરી બીજા વિદ્યાર્થીઓને પાછળ છોડી દીધા હતા. પ્રિતેષ કમલેશભાઈ ચાંદેકરે માત્ર ૮ મિનિટમાં ૧૩૦ દાખલાઓ ગણી તેમની શ્રેણીમાં શ્રેષ્ઠ દેખાવ કરતા શાળાનું ગૌરવ વધાર્યું છે. તેમની આ સિધ્ધી બદલ તેમને પ્રમાણપત્ર અને શિલ્ડ સ્પર્ધાના આયોજકો તરફથી એનાયત કરાયો હતો.

## હરિની દષ્ટિ...



હવે, મને ખબર પડી તું મને સ્વેટર - ટોપી કેમ નથી આપતી...!! આજે સચિવાલયમાં જાણ્યું કે ઠંડીથી મરનારને ગુજરાત સરકાર રૂ. બે લાખ આપવાની છે...!!

## કોબા હાઈસ્કુલમાં યોગ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૨૩

શ્રી જી.ડી.એમ. અને શ્રી એચ.એન.જે. કોબાવાળા હાઈસ્કૂલ ખાતે તાજેતરમાં યોગ શિબિર યોજાઈ હતી. જેમાં શાળાના જે.સી. પટેલ સાહેબ દ્વારા વિદ્યાર્થીઓ અને શિક્ષકગણને યોગ-પ્રાણાયામ વિશેની ઉંડાણપૂર્વકની માહિતી આપી હતી તેમજ શાળામાં બેટી બચાવો, વ્યસન મુકિત અને પર્યાવરણ વિશેની માહિતી આપવામાં આવી હતી.

## ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના પ્રાથમિક શિક્ષકોનો શૈક્ષણિક સેમિનાર યોજાયો

### કલોલ તા.પ્રા.શિ.સંઘની પરિચય પુસ્તિકા 'શિક્ષક દર્પણ'નું વિમોચન કરવામાં આવ્યું : સમગ્ર ગુજરાતની સૌ પ્રથમ શિક્ષક સંઘની વેબસાઈટ કલોલ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘે લોન્ચ કરેલ છે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના પ્રાથમિક શિક્ષકોનો શૈક્ષણિક સેમિનાર તથા દ્વિતિય જનરલ શૈક્ષણિક અધિવેશન કલોલ તાલુકાના ડીંગુચા ગામે યોજવામાં આવ્યો. જેમાં કલોલ તાલુકાના આશરે ૧૦૦૦ પ્રાથમિક શિક્ષકો તેમજ ડીંગુચા ગામના ગ્રામજનો શનિવાર તા. ૨૧-૧૨-૨૦૧૩ ને સવારે ૭.૩૦ કલાકે હાજર રહેલ હતા.

આજે શૈક્ષણિક સેમિનારના પ્રથમ સેશનમાં 'શિક્ષણની ગુણવત્તા એજ પ્રતિષ્ઠા' વિષય પર શૈક્ષણિક વિચાર ગોષ્ઠિ માન. શ્રી ડૉ. ટી.એસ.જોષી સાહેબ (પ્રાચાર્યશ્રી ડાયર, ગાંધીનગર)એ કરેલ. જેમાં શિક્ષણની ગુણવત્તા માટેની ખૂબ જ રસપ્રદ વાતો શિક્ષકો સમક્ષ મુકી. જે અનુસંધાને શિક્ષકશ્રીઓ સાથે પણ વાર્તાલાપ કરેલ.

બીજા સેશનમાં ડીંગુચા ગામની પ્રાથમિક શાળાના બાળકો દ્વારા પ્રાર્થના અને સ્વાગત ગીત રજુ કરવામાં આવ્યા. ત્યારબાદ દેશભકિત ગીત ડીંગુચા ગામની જ હાઈસ્કુલના બાળકોએ ખુબ જ ઉત્સાહથી રજુ કરેલ. જેમાં આવેલ મહાનુભાવોએ બાળકોની રજુ કરેલ કૃતિને ખુબ જ પ્રશંસા કરેલ.

કાર્યક્રમને આગળ ધપાવતાં આ સમારંભના મહાનુભાવો મુખ્ય સમારંભના પ્રમુખશ્રી ચંદુભાઈ જોષી (પ્રમુખ, ગુજરાત રાજય પ્રાથમિક સંઘ), માન. શ્રીમતી હીનાબેન પટેલ (પ્રમુખશ્રી જિલ્લા પંચાયત-ગાંધીનગર), તથા મુખ્ય મહેમાનોમાં માન. ધારાસભ્યશ્રી કલોલ માન. શ્રી બળદવજી ઠાકોર, ધારાસભ્યશ્રી માણસા માન.શ્રી અમીતભાઈ









ચૌધરી, માન. ચેરમેનશ્રી કારોબારી સમિતિ જિ.પં. ગાંધીનગર માન.શ્રી ચૌધરી, માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ગાંધીનગર શ્રી વિકટર મેકવાન સાહેબ (આઈએએસ), મહામંત્રીશ્રી ગુ.રા. પ્રાથમિક શિક્ષક સંઘ તથા પ્રમુખશ્રી ગાંધીનગર જિ.પ્રા.શિ. સંઘ શ્રી બળદેવભાઈ રામાજી ઠાકોર, માન.શ્રી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, ગાંધીનગર માન.શ્રી બહાદુરસિંહ સોલંકી, માન.શ્રી પ્રદિપસિંહ રાઠોડ પ્રાંત ઓફીસર શ્રી કલોલ, માન.શ્રી વિક્રમસિંહ ચાવડા મહામંત્રીશ્રી ગાંધીનગર જિલ્લા પ્રા. શિક્ષક સંઘ, માન.શ્રી પ્રમુખશ્રી કલોલ નગરપાલિકા શ્રી મહેન્દ્ર બાવરીયા આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ હતા.

આ શૈક્ષણિક સેમિનાર અને જનરલ અધિવેશનમાં કલોલ તાલુકાના પ્રાથમિક શિક્ષક સંઘની પોતાની વેબસાઈટ WWW. KALOL TALUKA PRATHMIK SHIKHAK SANGH .COM શ્રી જિલ્લા વિકાસ અધિકારીશ્રી વિકટર મેકવાન સાહેબે ખુલ્લી મુકી હતી તેમજ સરકારશ્રીના વહીવટી પરિપત્રો, ઠરાવોની માહિતી તેમજ કલોલ તાલુકાના શિક્ષકોના ફોટા સહિત પરિચય આપતાં 'શિક્ષક દર્પણ'નું વિમોચન માન.શ્રી ચંદુભાઈ કે. પટેલ સામાજિક કાર્યકર ડિંગુચા તેમજ વંદનીય જીવીબા એલ. પટેલ તથા તેમના પનોતા પુત્ર મુકેશભાઈ પટેલ માન. સરપંચશ્રી ડીંગુચા ગ્રામ પંચાયતના હાથે કરવામાં આવ્યું.

ડીંગુચા ગામમાં યોજાયેલ આ શૈક્ષણિક સેમિનારમાં તમામ સહયોગ શ્રી માન. મુકેશભાઈ પટેલ, સરપંચશ્રીના માતૃશ્રી વંદનીય જીવીબા એલ. પટેલ (ડીંગુચા) માન.શ્રી કનુભાઈ એસ. પટેલ ભોજનના દાતાશ્રી સામાજિક કાર્યકર ડીંગુચા, માન.શ્રી ચંદુભા કે. પટેલ સામાજિક કાર્યકર ડીંગુચા, માન.શ્રી રામાજી ઠાકોર ચેરમેનશ્રી, કારોબારી સમિતિ, જિ.પં. ગાંધીનગર તથા કલોલ તાલુકા પ્રા. શિક્ષક સંઘ તેમજ માન.શ્રી જયંતકુમાર બી. રાવલ આસી. પ્રિન્સિપાલ ટીંટોડા પ્રા. શાળા તા.જી. ગાંધીનગરને આપેલ જેનો કલોલ તાલુકા પ્રા. શિક્ષક સંઘ ખૂબ જ આભાર વ્યકત કરે છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા કલોલ તાલુકાના પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખશ્રી હરેશભાઈ પટેલ, મંત્રીશ્રી હર્ષદભાઈ કડિયા, કાર્યાધ્યક્ષશ્રી જિ.પ્રા. શિક્ષક સંઘ માન.શ્રી કલ્યાણસિંહ ચાવડા, સંગઠન મંત્રીશ્રી ધર્મેશ રાવલ, પ્રવિણભાઈ પટેલ, અમીત પટેલ, જસવંતસિંહ ભાટી, જગદીશભાઈ પટેલ, હિનાબેન ત્રિવેદી, સુધાબેન પ્રજાપતિ તેમજ ડીંગુચા પ્રા. શાળાના તમામ શિક્ષકો અને ગ્રામજનોએ ખુબ જ જહેમત ઉઠાવેલ.

## કવિતાનો કંસાર... ગીત, ગઝલ, મુક્તકને શેર-શાયરી સાથે પંચ પકવાનનો થાળ..!

### ગાંધીનગર કલ્ચરલ ફોરમે સાહિત્ય પર્વ અંતર્ગત ગુજરાતી ભાષાનાં ગૌરવને મુઠ્ઠી ઉંચેરી સાબિત કરતાં ઓજસ્વી અને તેજસ્વી કવિઓ ખલીલ ધનતેજવી, સૌમ્ય જોશી, હિતેન આનંદપરા, ભાવેશ ભટ્ટ, અનિલ ચાવડા, તેજસ દવે અને પ્રણવ પંડ્યાનાં મેળાવડાનો સાહિત્યીક રસથાળનો ટેસડો કરાવ્યો

ગાંધીનગર કલ્ચરલ ફોરમ ગુજરાતી સાહિત્યના પ્રચાર, પ્રસાર અને ગૌરવ વારસાને જીવંત રાખવા અને નેક્ષ્ટ જનરેશનમાં ટ્રાન્સમીટ કરવા કટીબદ્ધ છે. સાહિત્ય પર્વ ૨૦૧૩ અંતર્ગત એમણે આ વખતે યુવા કવિ સંમેલનનું આયોજન કર્યું. આપણાં યુવાનોને ગઝલ, ગીત, મુકતક, શેર-શાયરી બધું જ પસંદ છે અને એને જો આજના પવનનો ટચ હોય તો કયાં કહેના? જીન્સ- પેન્ટ- શર્ટ સાથે સજ્જ યુવાન કવિઓ અને એવી જ તાજગી સભર પેલાં ચાંદા, તારા, આભલા, પર્વત ઝરણાં અને કલ્પનાથી પર ઉઠેલાં, વાસ્વીકતાના ચિતાર અનેકટાક્ષ સાથે ઉતરેલા ગુજરાતી ભાષાના ઓજસ્વી અને તેજસ્વી કવિઓનો મેળાવડો પંચ પકવાનનો થાળ જમાડી ગયો.





આ વખતે આપણાં અંગત એકાંતનુંમન મીઠું કરાવવુંએટલે કવિતાનો કંસાર જમાડ્યો. ગુજરાતી ભાષા અને સાહિત્યના જતન માટેનો મજબૂત મનસુબો ધરાવતાં કલ્ચરલ ફોરમનો કૈલાશ ખેર પછી ફરી યુવાનોને આકર્ષવાનો આ બીજો દાવ સફળ થયો છે. મહેફીલની શરૂઆતથી અંત સુધી ટાઉન હોલ કડકડતી ઠંડીમાં પેક હોય અને દાદની તાળીઓથી હૉલમાં હૂંફ અનુભવાતી હોય એ અનુભવ જ આપણાં સાહિત્ય પર્વની સજજડ સફળતા કહેવાય. સર્જકતાના બળ સાથે ઉતરેલા સાતેય તાજગી સભર કવિઓ ઈન્દ્રધનુષ સમાન સાતેય રંગો ભરવામાં છવાયેલાં રહ્યાં...

***અનિલ ચાવડા:*** અમદાવાદમાં રહેતા અને છતાંય ઉદારદિલ એવા આ કવિની ઓપનીંગ જબરજસ્ત રહી, દેખાવમાં એક અજ્ઞાંકિત, વિદ્યાર્થી જેવા આમની કવિતા, ગઝલે લગભગ સતત દાદ મેળવી. એમાંનો કેટલીક પંકિતઓ...

અધિરો છે ઈશ્વર બધું આપવા માટે અને ઉભો છે તું ચમચી લઈને..', 'શબ્દ નહીં સંકેત નહીં કે પૂછવું કઈ રીતથી, આંસુ ક્યારેય આવે લૂંછવા કઈ રીત થી..', 'આ હદે વાટ શબરીએ જોવાય નહીં, રામેય મળે નહીંને બોરાંય મળે નહીં..', 'નમવું નો અર્થ થાય ઉંચા થવું આમ જ્યાં ત્યાં કંઈ હાથ જોડાય નહીં, થાય જો મિત્રોની ભૂલ તો માફ કર.', 'જીભ કચડાય તો કાંઈ દાંત તોડાય નહીં', 'ભાગ્યવંત શબરી કે રામ તો મળ્યાંને, બાકી હજીયે સૂના છે આંગણા ઘણાંય', 'સંપ માટીએ કર્યો તો ઈંટ થઈ ગઈ, ઈંટોનું ટોળું મળ્યું તો ભીંત થઈ ગઈ, કાન તો કાપી લીધાં હતાં ભીતના, તો આ વાત ક્યાંથી લીક થઈ ગઈ', 'નવું મંદિર ચણ્યાની જાહેરાતો દો છાપામાં, એમાં તો કંઈ બાયોડેટા લઈ ઈશ્વરની અરજી આવે?' આ કવિને શ્રોતાઓએ તાળીઓથી વધાવી લીધો.

> **તમે મન મુકીને વરસો, ઝાપટું આપણને નહીં ફાવે, અમે હેલીના માણસ, માવઠું આપણને નહીં ફાવે, તમાચો ખાઈ લઉં આ ગાંધીગીરીના નામ પર, આ પત્નીને બા કહેવાનું આપણને નહીં ફાવે**

***ભાવેશ ભટ્ટ :*** અશોક દવે જેમને અમદાવાદની આવતીકાલનો કવિ કીધાં છે એવાં ભાવેશ ભટ્ટે એમની રજૂઆતની ઠહેરાવથી રંગ રાખ્યો, નબળું નહીં પણ નમણું લખતાં આ કવિની આછેરી ઝલક... 'જો પ્રતિક્ષાની સિઝન આવે છે, આંખમાં રાખે છે અથવા દાઢમાં, જ્યાં ગમે છે ત્યાં મને રાખે છે..', 'અરજ છે, માંગણી છે, લાલસા છે, તમારી પ્રાર્થના કયાં પ્રાર્થના છે, તને ખૂંચે છે જ્યાં ડગલે ને પગલે અમારી આબરૂનાં કાંકરાં છે', 'બધું કિસ્મત પ્રમાણે વહેંચવામાં જોર આવે છે, ભલેને ભર ઉંઘમાં હોય થાબડતી તે જગતની સર્વ માં ને થાકવામાં જોર આવે છે.', હું જેના હાલ પર સઘળું લખું છે. એ મને કહે છે કે ચિલાચાલુ લખું છું. બધાંની જેમ બે ચહેરાં છે મારાં, નથી જબરોને જબરું લખું છું', 'એક દિવાસળી એની પાસે નથી એ બિવડાવતો માત્ર માચિસથી..', 'એક પાંદડું ખરે તો અમને ફરક પડે છે, કોઈ દિવો ઠરે તો અમને ફરક પડે છે', 'કયારે કીધું હક આપો, ઉચ્ચક આપો,' 'રસ્તા પર બેવડ ઉભેલા વૃક્ષને બાળકે પૂછ્યું, કેમ, અંગુઠા પકડીને ઉભું છે, હોમવર્ક નહોતું કર્યું?, ટિકિટ લીધાં વગર માણસ ટ્રેનમાં પાટે સુધી ગયો અને એ માણસ કયાંનો કયાં પહોંચી ગયો' અત્યંત ધારદાર અને ચોટદાર રજૂઆત રહી...

***તેજસ દવે :*** ના ઘાયલ થવાયું ના આ દિલ થવાયું ફક્ત એક ટોળામાં સામીલ થવાયું. - એવા કવિઓના નવા ફાલમાં પોતાનું નામ નોંધાવનારા આ કવિ માત્ર પોતાની સર્જનતા સુધી સીમિત ના રહેતા એના પ્રચાર માટે પણ કાર્યરત છે. 'તમે સૂરજમાં બાકોરૂં પાડી અમને કીધું કે હરાવજો, તમે ટમટમતા દિવાને મારીને ફૂંક ને કીધું અજવાળું લાવડો,' 'આપણે જ આપણું મનગમતું કદી હોઠ લગી આવવાં ના દીધું, વાર્તામાં હું ય છું ને વાર્તામાં તું ય છે', 'હજુ ગઈકાલે મનનાં દરવાજાને ખખડાવી માણસ મળ્યો તો મને એક, માદળીયા બાંધ્યા તોય એની શ્રદ્ધા પર ફરી વળી ઘાત, એની આંખોની આંસુને લાગ્યો તોકાટ', 'માખમનાં બદલામાં માધવ તું ખાય રોજે રોજ ચા અને ખારી, મોંઘા તે ભૂલની આ મોંઘવારી' ગીત-ગઝલની રજૂઆતે સમા બાંધી રાખ્યો...

***પ્રણવ પંડ્યા :*** કવિતાથી વધુ કંઈ નહીં અને શબ્દો તો ખાલી પડિયા કહેવાય એમાં થોડો પ્રસાદ હોવો જોઈએ.. એવાં ફ્રેશ અને ફેન્ટાસ્ટીક કવિ અને સંચાલનની બેવડી ભૂમિકામાં પ્રાણવાન રહ્યાં... 'ભીન ઝાકળશા ઝળહળવાનું સુખ સૌને નથી મળતું, કોઈ કારણ વગર સૌને મળવાનું સુખ સૌને નથી મળતું', 'જાણી જોઈને હાલ પૂછે છે, કોર્સ બહારના સવાલ પૂછે છે, ને કોની ચપટ્ટી છે ગાલ પૂછે છે. ને ગાલ કોનો ગુલાલ પૂછે છે', 'કોઈને કયાં કશું ખરીદવું છે. માત્ર ઓ ભાવતાલ પૂછે છે', 'ભેદ આવો તો ના રખાય પ્રભુ, આ તરફ પણ નજર નંખાય પ્રભુ, વેણ કર્કસ જરા મારાંપણ, વાંસળીથી ચૂલો ફુંકાય પ્રભુ,', 'હોમવર્ક વહેલું પૂરું થાય તો તને આવીને મળાય પ્રભુ, તેય મસ્તીતો બહુ કરેલી નહીં, કેમ મારાથી ના કરાય પ્રભુ...' અવનવાં કવિઓના શેર-મુક્તક સાથે આ મેળાવડાંના મહારાજે કવિતાના કંસારનો થાળ જમાડી જાનૈયા-વરઘોડીયા બંનેને ટેસડો કરાવી દીધો.





***હિતેન આનંદપરા:*** મુંબઈની રઝળપાટને કવિતામાં કંડારીને આનંદ અને આક્રંદને બેલેન્સ કરતાં આ રૂપાળી રચનાના રૂપાળાં કવિ જાણીતા તો છે પણ માનીતા પણ બની રહ્યાં.... 'કાયમ રણકતી પ્રેમની પખવાજ લઈ ચાલી નીકળી, ઈશ્વર તને મળશે બાંહેધરી કોઈ નથી, કોણે તને કીધું કે સંન્યાસ લઈ ચાલી નીકળી', 'બે જણા વચ્ચે ફરી અંટસ પડી છે, બે જણાને જીદ પોતાની નડી છે, સાવ નાની અમથી વાત હતી, પીઠ પાછળથી બિચારી બહુ રડી છે', 'જે ઝાડ પરથી પંખીનો માળઓ ધબ દઈને તૂટી પડેએ ઝાડનું શું થાય શિખવાડ જો, જો વર્ગમાં એકાદી ખીસકોલી આવી ચઢે તું કેમ છે? કેમ પૂછાય શિખવાડજો, ૧૦૦માંથી ૯૯ લાવવાની જીદ કરે બધાં શૈશવ કેવું રહેંસાય છે શિખવાડ જો.' બધાનું લક્ષ્ય તો એક જ વિકાસ, ભલેને વેચવું પડે આકાશ'.. મસ્ત મૌલાના કવિએ મોજ કરાવી..

***સૌમ્ય જોષી:*** આ કવિનો દેખાવ અને નામજ સૌમ્ય પણરજૂઆત બાપરે, અદ્ભુત શબ્દોના સંસારને સમાજનાં ચિતારને અંદર ધરબી રાખેલા ચિત્કારને છટાદાર રજૂ કર્યા. આજના આ કવિ સંમેલનનો શ્રેષ્ઠ પરર્ફોમર તરીકે પીપલ્સ ચૉઈસ એવોર્ડ આમને જ મળે... 'સુખ-દુઃખ બે જાડિયા ભાઈ, સુખનું કદ ઠીંગણું પાતળો બાંધો- દુઃખના બાવડાં તગડાં અને બધે ઘર જેવું..' 'સેલ્સમેન-શી ખબર આ બારણે હું શું થવાનો? બેની સાથે એક મફત છે', 'કેટલાંક તડકાં આકરાં હોય છે, માથે લીધેલી ગુણ જે છાંયો બને છે, કેટલાંક છાંયડા કેટલાં ભારે હોય છે', 'હોઠ હતાં તે ગાળ હતીને કાન હતાં તે લીધી, ભીડ હતી તે ભેગી થઈને, ખભાં હતાં તે આપ્યાં,' 'મારી પટરાણીનાં ધુમ્મસ જેવાં જીવન પર ઓળાની જેમ ઉતરી આવ્યાં શા માટે? કાન તું એને કહે જે મારાં હૃદય પરનાં ભૂલાયેલાં શિલાલેખનાં અક્ષરો રાહ જુવે છે.'

ભેંસ-સ્થિપ્રજ્ઞ, મોંઢા પર માંખ બેસે તો બેસવા દે, એનાં આંચળથી માલધારી- માલદાર બન્યો, 'ગીધ- સડેલું મળે નહીં ત્યાં સુધી અડે નહીં અને એનો સંયમ તોડે નહીં, મૌન જાળવે, જે જુવે તે કરી નહીં, ખુદનાં પંજાને સકંજામાં લઈને બેઠેલાં ગીધો', 'કૂતરું- અહીં તો ગોપી એટલાં કાન, થાંભલે થાંભલે ગોઠવાયાં, વિજળીનાં થાંભલાં માણસની ભીજ વચ્ચે ખોવાયાં', 'મહાવીરને ભરવાડનાં સંવાદની આધુનીક કવિતા ત્રીજા ધોરણનો પેલો ભૂલચૂક લેવી દેવી કરી પાઠ કઢાવો અને કહેજોડે ગોવાળીયો સૌરી કહી ગયો છે' દરેકે દરેક રચના તાળીઓના ગડગડાટ અને દાદનો વરસાદ કરાવી ગઈ...

ખલીલ ધનતેજવી: ગુજરાતનાં જાણીતા ગઝલકાર અને વડોદરાના એક માત્ર સિનીયર કવિને સાંભળવા શ્રોતાઓએ છેક સુધી બેસીને એમની ચાહના સાબિત કરી, મજબૂત રચના અને ભરાવદાર અવાજ, કોઈ કાગળ-ચોપડીનાં અવરોધ વગર વહેતાં રહ્યાં અને શ્રોતાઓ એમને વધાવતાં રહ્યાં. 'તમારાં ધબકારાં અજાણ્યા કેમ લાગે છે? તમે પણ કાલે તરણેતરનાં મેળામાં હતાં કે શું?', 'કોઈના ડગલાંમાં ડગ માંડતો નથી, હું મને ખુદને અનુસરતો નથી, મારે કાયમ ફકત એક ચહેરો છે, હું કદી દર્પણને છેતરતો નથી, ક્યાંક ના છૂટકે દૂવા માંગી લઉં છું, હું ખુદાને રોજ વાપરતો નથી.' 'કોઈના સૂરજને કયાં ઝોખો કરો, પોતાના ઘરે દિવો કરો, સાવ અધ્ધરતાલ ના પૂછઓ કે સધ્ધર કોણ છે, ઝેરનો પ્યાલો લઈને પૂછો કે શંકર કોણ છે?, 'માફિયાના ઘરે પહોંચી પોલીસ દંગ છે, સાધુની પધરામણીને સત્સંગનો માહોલ છે', 'નાગને પણ હવે ઝેર ખાવાનો વખત આવ્યો, મદારીને હવે માણસ પકડતાં આવડી ગયું', 'મોતને વાતોએ વળગાડીને હું આઘો ખસી ગયો, ગામ આખામાં વખણાતો રહ્યો,' તારાં ફળીયામાં વગોવાતો રહ્યો', 'ખાલી ગઝલ હોય તો તો ફટકારી દેવાય, વાત હૃદયની છે ને હાંફી જવાય છે', 'તમે મન મુકીને વરસો, ઝાપટું આપણને નહીં ફાવે, અમે માણસો હેલીના, માવઠું આપણને નહીં ફાવે, તમાચો ખાઈ લઉં આ ગાંધીગીરીના નામ પર, આ પત્નીને બા કહેવાનું આપણને નહીં ફાવે'.. ભઈ વાહ આખોય મેળાવડો જબરજસ્ત રહ્યો અને કવિતાનાંકંસારનો થાળ સૌને ભાવી ગયો, આટલું સુંદર આયોજન અને મોઢું મીઠું કરાવનાર યજમાન ગાંધીનગર કલ્ચરલ ફૉરમને હાજર રહેલાં સૌ શ્રોતાઓ તરફથી શુભેચ્છાનો ચાંદલો...